**Extra No. 411**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] THURSDAY, MAY 21, 2026 / VAISHAKHA 31, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

### ગુજરાત રાજ્યના નામોદિષ્ટ અધિકારી, ગુજરાત રાજ્ય ગાંધીનગર

### અધિસૂચના

**ક્રમાંક : નામોદિષ્ટ/૧૩/૨૦૨૬**: નામોદિષ્ટ પક્ષાંતર કેસ નં-૦૩/૨૦૨૫ ગુજરાતના પક્ષાંતર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતો અધિનિયમ ૧૯૮૬ના નિયમ ૩(૧)(ખ) તથા-૩(૨) તથા નિયમ-૬ મુજબ સ્થાનિક સત્તા મંડળના સભ્યને ગેરલાયકાત સંબંધે અમો નામોદિષ્ટ અધિકારીને આખરી નિર્ણય કરવાની પ્રાપ્ત થયેલ સત્તાની રુએ અને તે હેઠળ બનાવેલા ૧૯૮૭ના નિયમોના નિયમ ૮ અન્વયે અરજદારશ્રી ધર્મેશભાઈ ભરતકુમાર કલાલ, સદસ્યશ્રી દેવગઢ બારીઆ નગરપાલિકાની વિવાદ અરજી નં-૦૩/૨૦૨૫ ગ્રાહ્ય રાખીને ગુજરાતનો, પક્ષાંતર બદલ સ્થાનિક સત્તા મંડળોનાં સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતો અધિનિયમ-૧૯૮૬ અને તે હેઠળ બનાવવામાં આવેલ નિયમો ૧૯૮૭ના નિયમ (૮) ની જોગવાઈ અન્વયે દેવગઢ બારીઆ નગરપાલિકાના સામાવાળાઓ ક્રમ (૧) શ્રીમતી નિધી અક્ષયકુમાર જૈન (કલ્લુભાઈ) (૨) શ્રી ગોપાલસિંહ મનહરસિંહ ઝાલા (ગોપાલ બાપુ) (૩) શ્રીમતી શરલાબેન રાજેશભાઈ મેડ (રાજુભાઈ) (૪) શ્રીમતી અરૂણાબેન જયેશભાઈ પરમાર (૫) પ્રજ્ઞેશભાઈ રાણભાઈ મોહનિયા (૬) નીલ સોની (પત્રકાર) એ ગુજરાતનો પક્ષાંતર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટેની જોગવાઈ કરવા બાબતના નિયમો ૧૯૮૭ના નિયમ-૧૦ અન્વયે મેન્ડેટ (વ્હીપ) ઈસ્યુ અંગે to ensure અને **...** shall obtain …. અંગેની Mandatory જોગવાઈ પરત્વે duty cast upon members નું સામાવાળાઓએ સ્પષ્ટપણે ઉલ્લંઘન કરેલ છે તેમજ સામાવાળા પક્ષકારો દેવગઢ બારીઆ નગરપાલિકામાં ભા.જ.પક્ષના નિશાન (symbol) પર ચૂંટાયેલા સભ્યો હોવા છતાં

દેવગઢબારીઆ નગરપાલિકાની પ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્ત અંગેની તા.૧૭/૧૦/૨૦૨૫ ની ખાસ સામાન્ય સભામાં ભા.જ.પક્ષના મેન્ડેટ (વ્હીપ) વિરૂદ્ધ નગરપાલિકાના પ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં, મેન્ડેટ વ્હીપ (આદેશ) ની વિરૂદ્ધ મતદાન કરી, પક્ષના મેન્ડેટનો અનાદર - defiance કરીને પક્ષ વિરોધી પ્રવૃતિનું આવુ કૃત્ય કરીને, આવુ વર્તન (conduct) આચરીને તેઓએ પોતાનો મૂળ રાજકીય પક્ષ ભા.જ.પક્ષ સ્વેચ્છાએ છોડી દીધેલ હોવાનું પુરવાર થતા તેઓનું આ અંગેનું આવું વર્તન (conduct) લક્ષગત કરતાં સામાવાળા ક્રમ(૧) શ્રીમતી નિધી અક્ષયકુમાર જૈન (કલ્લુભાઈ) (૨) શ્રી ગોપાલસિંહ મનહરસિંહ ઝાલા (ગોપાલ બાપુ) (૩) શ્રીમતી શરલાબેન રાજેશભાઈ મેડ (રાજુભાઈ) (૪) શ્રીમતી અરૂણાબેન જયેશભાઈ પરમાર (૫) પ્રજ્ઞેશભાઈ રાણભાઈ મોહનિયા (૬) નીલ સોની (પત્રકાર) ને દેવગઢ બારીઆ નગરપાલિકાના સભ્ય તરીકે ગેરલાયક (disqualify) ઠરાવવા આથી હુકમ કરું છું.

તા. ૧૮/૦૫/૨૦૨૬

સ્થળ: ગાંધીનગર.

**દિલીપ રાવલ**,
ગુજરાત રાજ્યના નામોદિષ્ટ અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

------------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.05.25 18:10:13 IST